નવી સેવા વર્ષ ૨૦૧૯-૨૦

પૂર્ણા યોજના અંતર્ગત કન્સલ્ટન્ટની નિમણૂક કરવા માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૪/બ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૯-૦૮-૨૦૧૯

સંદર્ભ:-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૧/૫/૨૦૧૯નો પત્ર ક્રમાંક: યોજના/આઇસીડીએસ/પુર્ણા કન્સલટન્ટ અને અન્ય ખર્ચ/૪૯૦૦૦૦-૦૧

ઠરાવ:-

વર્ષ ૨૦૧૮ થી ગુજરાત સરકારે(૧૦૦% સ્ટેટ બર્ડન) ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી અને ન જતી એમ તમામ કિશોરીઓ માટે પૂર્ણા યોજના અમલમાં મૂકેલ છે. આ યોજના અંતર્ગત ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓને પોષણ અને પોષણ સિવાયની સેવા પુરી પાડવામાં આવે છે. આ યોજનાનો મુખ્ય હેતુ તમામ કિશોરીઓ પોતાના જીવનમાં તે માહિતીનો અમલ કરે તે માટે પ્રોત્સાહિત કરવા, તેમજ તેમને અસર કરતા તમામ નિર્ણયો તેઓ જાતે લઇ શકે તે દિશામાં યોગ્ય વાતાવરણ પૂરું પાડવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. આ યોજનાના અમલ થકી ગુજરાતની કિશોરીઓમાં કુપોષણ, એનિમિયા, ઓછુ વજન જેવી વિવિધ પરિસ્થિતિઓમાં ઘટાડો જોવા મળશે. "પૂર્ણા" યોજના થકી ગુજરાતની દરેક કિશોરીઓ તેના જીવનકાળમાં સાચા અર્થમાં "પૂર્ણા" બને તેવો મહત્વાકાંક્ષી લક્ષ્ય ગુજરાત સરકારે રાખ્યો છે. સંદર્ભ (૧) અન્વયે પૂર્ણા યોજના અંતર્ગત કન્સલ્ટન્ટની નિમણૂક કરવા માટે વર્ષ ૨૦૧૯-૨૦માં નવી બાબત તરીકે દરખાસ્ત રજુ કરેલ હતી.

આથી વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે કુલ-૪૪ કન્સલ્ટન્ટની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી દ્વારા ૧૧-માસના કરારના ધોરણે આઉટસોર્સથી મેળવવા રૂ.૪,૮૨,૪૦,૦૦૦/- (રૂપિયા ચાર કરોડ બ્યાસી લાખ ચાલીસ હજાર પુરા) ની બજેટ જોગવાઈમાંથી નીચેની વિગતે અને શરતોએ ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) માનદ વેતન

| અનુ | જગ્યાનું નામ | હોદ્દો | જગ્યાની સંખ્યા | માસિક વેતન રૂ. | વાર્ષિક ખર્ચ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | રાજય | સ્ટેટ પૂર્ણા કન્સલટન્ટ | ૧ | ૪૫,૦૦૦/- | ૫,૪૦,૦૦૦/- |
| ૨ | ઝોન કક્ષા | રિજનલ પૂર્ણા કન્સલટન્ટ | ૪ | ૪૦,૦૦૦/- | ૧૯,૨૦,૦૦૦/- |
| ૩ | જીલ્લા કક્ષા | ડિસ્ટ્રીક પૂર્ણા કન્સલટન્ટ | ૩૯ | ૨૫,૦૦૦/- | ૧,૧૭,૦૦,૦૦૦/- |
| | | | | કુલ | ૧,૪૧,૬૦,૦૦૦/- |

(૨) આઇ.ઇ.સી ખર્ચ

યોજનાનો પ્રચાર પ્રસાર માધ્યમ, ઓડિયો વિઝયુઅલ, પ્રિન્ટેબલ તથા છાપકામની અન્ય કામગીરી માટે બ્લોક દીઠ રૂ.૫૦,૦૦૦/- પ્રમાણે ૪૨૬ બ્લોક માટે વાર્ષિક કુલ રૂ,૨,૧૩,૦૦,૦૦૦/-ની બજેટ જોગવાઇ કરવામાં આવે છે.

(૩) કન્ટીજન્સી ખર્ચ

યોજનાના યોગ્ય મોનિટરીંગ કરવા માટે પરચુરણ ખર્ચ તથા વહીવટી ખર્ચ કરવા માટે વાર્ષિક રૂ.૩૦,૦૦૦/- પ્રમાણે ૪૨૬ બ્લોક માટે વાર્ષિક કુલ રૂ,૧,૨૭,૮૦,૦૦૦/- ની બજેટ જોગવાઇ કરવામાં આવે છે.

## શરતો:

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

6. આઈ.ટી સંબધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.
8. વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬-૦૨-૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
9. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.
10. સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક- નપન/૨૦૦૩/જીઓઆઈ /૧૦ (પા.ફા) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
11. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
12. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
13. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
14. રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
15. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાના એક માસ અગાઉ રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
16. આ યોજના અંગે કોઇ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૪.૧૦.૨૦૧૭ના ઠરાવથી સૂચવવામાં આવેલ કાર્યપધ્ધતિ અને કાર્યપ્રણાલિકાને અનુસરીને ઇ-માર્કેટપ્લસ(જી.ઇ.એમ.) પોર્ટલ પરથી કરવાની રહેશે. જો કોઇ આઇટમ પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય તો ઉદ્યોગ અને

ખાણ વિભાગના તા.૦૩.૦૬.૨૦૧૬ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

17. જો કોઇ ખરીદી કરવાની થતી હોય તો રૂ.૧.૦૦ લાખથી વધુ કિંમતની ખરીદી નાણા વિભાગના તા.૧૭.૦૩.૨૦૦૩ના ઠરાવથી નક્કી થયા મુજબ જાહેરાત આપીને અને રૂ.૫.૦૦ લાખથી વધુ રકમની ખરીદીના કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૮.૦૭.૨૦૧૧ના ઠરાવથી સૂચવ્યા મુજબ ઇ-ટેન્ડરથી કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં. :- ૧૦૬

મુખ્ય સદર :- ૨૨૩૬-પોષણ

પેટા મુખ્ય સદર :- ૦૨ પોષણ, ખાદ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર :- ૮૦૦ અન્ય ખર્ચ.

પેટા સદર:- ૧૧-PURNA

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૯/૦૮/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
3. માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
4. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી "આયોજન" ના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.

10. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ.
11. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ
12. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી, જિ.
13. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ.
14. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
15. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
16. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
17. મહિલા અને બાળ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ
18. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર – વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
19. શાખા સિલેક્ટ ફાઇલ.